E-AUCTION SALE NOTICE
Sale of Assets under Insolvency and Bankruptcy Code 2016
M/s UTILITY AGROTECH INDUSTRIES PVT LTD (UNDER LIQUIDATION), SURAT
CIN: U01119GJ1994PTC023942

In furtherance of liquidation proceeding of Utility Agrotech Industries Private Limited (Commenced vide NCLT order dated 8th October, 2021 in CP (IB) – 131/7/NCLT/AHM/2019 (published on 9th October, 2021), interalia appointing the undersigned as a Liquidator), the Liquidator, in terms of Section 35(1) (f) of Insolvency and Bankruptcy Code, 2016 read with Regulation 33 of IBBI (Liquidation Process) Regulations 2016, invites expression of interest for sale of immovable assets of the company.

Block	Assets in Parcel	Reserved Price (Amount in Rs.)	EMD Amount (Amount in Rs.)
1	Survey No. 375, 377, 379, 391/1, 391/2, 394/A, 401, 402 (Land admeasuring 97,645 sq.mts.) Moje: Sisodra, Sub Dist: Ankleshwar, Dist: Bharuch, Gujarat	4,18,43,800	41,84,380

Interested Applicants may submit their EOI for sale of assets of the Company in terms of the E-Auction Process Document. For detailed terms and conditions of the EOI, visit https://nesl.co.in/auction-notices-under-ibc or send email at liquidator.utilityagrotech@gmail.com & liqoffice.utilityagrotech@gmail.com. Contact details: - +91-9833271593

Other Points:

1. E-auction will be conducted on "AS IS WHERE IS BASIS, AS IS WHAT IS BASIS, WHATEVER THERE IS BASIS, NO RECOURSE BASIS" through approved service provider, M/s National E-Governance Services Limited (NESL).
2. This Sale Notice shall be read in conjunction with the E-Auction Process Document containing Brief of the Assets, online E-auction Bid Form, Deed of Indemnity, General Terms & Conditions of E-auction Sale are available on website https://nesl.co.in/auction-notices-under-ibc or through request at Email id liquidator.utilityagrotech@gmail.com & liqoffice.utilityagrotech@gmail.com
3. The interested bidders, prior to submitting their bid, should make their independent inquiries regarding the title of property, dues of local taxes, electricity and water charges, maintenance charges, if any and inspect the property at their own expenses and satisfy themselves.
4. E-Auction documents should reach the office of the Liquidator physically at the address: G-19, Shreewardhan Complex, Mezzanine Floor, Besides Landmark Building, Ramdaspeth, Wardha Road, Nagpur, Maharashtra- 440010 OR by e-mail at the address mentioned in Point No. 2 on or before 5:00 PM on 16/12/2022.
5. Last date for submission of EMD is **26/12/2022**.
6. E- Auction shall be conducted on **29/12/2022** from **3.00 PM to 5:00 PM**.

Date: 02/12/2022
Place: Surat

Vikas Prakash Gupta
Liquidator
Utility Agrotech Industries Private Limited
Registration No.: IBBI/IPA-001/IP-P00501/2017-18/10889
AFA Validity Date:- 01/02/2023
Address: G-19, Shreewardhan Complex,
Mezzanine floor, besides Landmark Building,
Ramdaspeth, Wardha Road, Nagpur - 440010
Email id: vikas.gupta@bngca.com
liqoffice.utilityagrotech@gmail.com

E-AUCTION SALE NOTICE

Sale of Assets under Insolvency and Bankruptcy Code 2016

M/s UTILITY AGROTECH INDUSTRIES PVT LTD (UNDER LIQUIDATION), SURAT

CIN: U01119GJ1994PTC023942

In furtherance of liquidation proceeding of Utility Agrotech Industries Private Limited (Commenced vide NCLT order dated 8th October, 2021 in CP (IB) – 131/7/NCLT/AHM/2019 (published on 9th October, 2021), interalia appointing the undersigned as a Liquidator), the Liquidator, in terms of Section 35(1) (f) of Insolvency and Bankruptcy Code, 2016 read with Regulation 33 of IBBI (Liquidation Process) Regulations 2016, invites expression of interest for sale of immovable assets of the company.

SN	Assets in Parcel	Reserved Price (Amount in Rs.)	EMD Amount (Amount in Rs.)
1	Survey No. 375, 377, 379, 391/1, 391/2, 394/A, 401, 402 (Land admeasuring 97,645 sq.mts.) Moje: Sisodra, Sub Dist: Ankleshwar, Dist: Bharuch, Gujarat	4,18,43,800	41,84,380

Interested Applicants may submit their EOI for sale of assets of the Company in terms of the E-Auction Process Document. For detailed terms and conditions of the EOI, visit https://nesl.co.in/auction-notices-under-ibc or send email at liquidator.utilityagrotech@gmail.com & liqoffice.utilityagrotech@gmail.com.
Contact details: - +91-9833271593

Other Points:

1. E-auction will be conducted on "AS IS WHERE IS BASIS, AS IS WHAT IS BASIS, WHATEVER THERE IS BASIS, NO RECOURSE BASIS" through approved service provider, M/s National E-Governance Services Limited (NESL).
2. This Sale Notice shall be read in conjunction with the E-Auction Process Document containing Brief of the Assets, online E-auction Bid Form, Deed of Indemnity, General Terms & Conditions of E-auction Sale are available on website https://nesl.co.in/auction-notices-under-ibc or through request at Email id liquidator.utilityagrotech@gmail.com & liqoffice.utilityagrotech@gmail.com
3. The interested bidders, prior to submitting their bid, should make their independent inquiries regarding the title of property, dues of local taxes, electricity and water charges, maintenance charges, if any and inspect the property at their own expenses and satisfy themselves.
4. E-Auction documents should reach the office of the Liquidator physically at the address: G-19, Shreewardhan Complex, Mezzanine Floor, Besides Landmark Building, Ramdaspeth, Wardha Road, Nagpur, Maharashtra- 440010 OR by e-mail at the address mentioned in Point No. 2 on or before 5:00 PM on **16/12/2022.**
5. Last date for submission of EMD is **26/12/2022.**
6. E- Auction shall be conducted on **29/12/2022** from **3.00 PM to 5:00 PM.**

Date: 02/12/2022
Place: Surat

Vikas Prakash Gupta
Liquidator
Utility Agrotech Industries Private Limited
Registration No.: IBBI/IPA-001/IP-P00501/2017-18/10889
AFA Validity Date:- 01/02/2023
Address: G-19, Shreewardhan Complex, Mezzanine floor, besides Landmark Building, Ramdaspeth, Wardha Road, Nagpur - 440010
Email id: vikas.gupta@bngca.com, liqoffice.utilityagrotech@gmail.com

EQUITAS SMALL FINANCE BANK LTD

equitas Small Finance Bank

Corporate Office: No.769, Spencer Plaza, 4th Floor, Phase-II, Anna Salai, Chennai, TN - 600 002

POSSESSION NOTICE (U/s. Rule 8(1) - for immovable property)

Whereas the undersigned being the Authorized Officer of **M/s. Equitas Small Finance Bank Limited,** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest [Act, 2002 (54 of 2002)] and in exercise of powers conferred under section 13(12) read with [Rule 3] of the Security Interest (Enforcement) Rules 2002, issued a Demand Notice calling upon the below mentioned Borrowers to repay the total outstanding amount mentioned in the notice being within 60 days from the date of receipt of the said notice. Since the below mentioned Borrowers having failed to repay the below stated amount within the stipulated time, notice is hereby given to the below mentioned borrowers and the public in general that, the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him under Sub-Section (4) of Section 13 of the said Act read with Rule 8 of the Security interest Enforcement Rules, 2002. The Borrowers in particular and the public in general are hereby cautioned not to deal with the schedule mentioned properties and any dealings with the properties will be subject to the charge of **M/s. Equitas Small Finance Bank Limited** and further interest and other charges thereon." The Borrower's attention is invited to provisions of sub –section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets."

Sl No.	Name of the borrower(s)/ Guarantor(s)	Description of Secured Asset(immovable property)	Demand Notice Date & Amount	Date of Possession
1	**Branch : Bapunagar** **LAN No: SEBPNGR0245122** **Borrowers:** **1Mr.Valand Bharatbhai** **2.Mrs. Valand Uravashiben** **3.Mr. Vanand Jayantibhai** **4.Mrs. Valand Dakshaben**	"Item-1"All the piece and parcel of the being Residential Plot No. 42 having plot area 146.05 sq.mtrs of the scheme known as ""KAILASH PARK"" situated on the land of survey no.70 of Mouje:Mahemdabad Taluka:Mahemdabad Dist:Kheda"North by : Plot No. 43"South by : Other land of survey no. 70"East by : Kailsh Park"West by : 6 meter road & Plot no. 41"Measurement : 146.05 sq.mtr"Situated at within the Sub-Registration District of Mahemdabad and Registration District of Kheda"	**28-09-2022 & Rs.15,04,737/-**	**30.11.2022**

Date : 02.12.2022
Place: Kheda Dist

Sd/-Authorized Officer
Equitas Small Finance Bank Limited

fincare Small Finance Bank

Registered Office: 301-306, 3rd Floor, ABHIJEET -V, Opp. Mayor's Bungalow, Law Garden Road, Mithakhali, Ahmedabad - 380006, Gujarat. **www.fincarebank.com**

LOAN AGAINST GOLD - AUCTION NOTICE ON "AS IS WHERE IS" BASIS

The below mentioned borrower/s have been issued notices to pay their outstanding amounts towards the loan against gold facilities availed from Fincare Small Finance Bank Ltd ("Bank"). Since the borrower/s has/have failed to repay his/their dues, we are constrained to conduct an auction of pledged gold items/articles on **06 December 2022** at below mentioned branches.

AHMEDABAD - CHANDKHEDA - 22660000117802, 22660000263265 | **AHMEDABAD- PRAHLADNAGAR** - 22660000129499, 22660000632132, 22660000673193 | **ANAND - NEAR TOWN HALL** - 22660000063012, 22660000099633, 22660000101992, 22660000102700, 22660000118830, 22660000142643, 22660000142873 | **ANKLESHWAR** - 22660000130326 | **BALASINOR** - 22660000063492, 22660000114807 | **BARODA - ALKAPURI** - 22660000061815, 22660000066436, 22660000090090, 22660000092806, 22660000095691, 22660000112111, 22660000120635, 22660000125986, 22660000128531, 22660000145448, 22660000145508, 22660000146236, 22660000628950 | **BARODA - KARELIBAGH** - 22660000055437, 22660000154571, 22660000616222 | **BAYAD** - 22660000080679, 22660000083133, 22660000120485, 22660000143072, 22660000149431, 22660000150348 | **BHARUCH - SHEVASHRAM ROAD** - 22660000059060, 22660000062433, 22660000076237, 22660000092136, 22660000126704 | **BOSAD - ANAND CHOWKDI** - 22660000064640, 22660000099893, 22660000127582, 22660000132212, 22660000134139, 22660000136665, 22660000144380, 22660000144500, 22660000147374 | **CHIKHLI** - 22660000059240, 22660000074921, 22660000089262, 22660000144760 | **DAHEGAM** - 22660000065708, 22660000081367, 22660000083473, 22660000099663, 22660000101292, 22660000132512, 22660000140977, 22660000144410 | **DAHOD** - 22660000124518 | **DEESA** - 22660000139320 | **DEVGADH BARIA** - 22660000056405, 22660000060407, 22660000070758, 22660000079022, 22660000080229, 22660000128571, 22660000144820 | **DHANSURA** - 22660000062893, 22660000103198, 22660000112511, 22660000122012, 22660000129719 | **GANDHINAGAR SECTOR16** - 22660000132942, 22660000145678 | **GODHRA** - 22660000064630, 22660000067984, 22660000076387, 22660000118160, 22660000120875, 22660000129379, 22660000133911 | **HIMMATNAGAR** - 22660000088364 | **HIMMATNAGAR - SUN COMPLEX** - 22660000076957, 22660000136885 | **JAMNAGAR - LAL BUNGLOW ROAD** - 22660000067834, 22660000067904, 22660000071016, 22660000104276, 22660000123390, 22660000135317 | **JUNAGADH - ZAANZARDA ROAD** - 22660000106992, 22660000110634 | **KALOL - BT MALL** - 21660000731077, 22660000065638, 22660000098695, 22660000611082 | **KAPADWANJ** - 22660000074671, 22660000077295, 22660000087836, 22660000090830, 22660000116983, 22660000124068, 22660000154541 | **LIMBDI** - 22660000088564 | **LUNAVADA** - 22660000065748, 22660000101582 | **MAHEMDAVAD** - 22660000078863, 22660000106722, 22660000134479, 22660000135897 | **MEHSANA** - 22660000071956, 22660000134329, 22660000136325, 22660000145428 | **MEHSANA - ORBIT MALL** - 22660000125756, 22660000146386, 22660000149401 | **MODASA** - 22660000065968, 22660000066046, 22660000068342, 22660000073762, 22660000073822, 22660000074471, 22660000075439, 22660000089272, 22660000111482, 22660000133461, 22660000144780, 22660000151766, 22660000152674, 22660000196151 | **NADIAD - PARAS CIRCLE** - 22660000141485, 22660000150618 | **NAVSARI - SAYAJI ROAD** - 22660000063222, 22660000108509 | **PALANPUR** - 22660000064610, 22660000068812, 22660000072544, 22660000106322, 22660000146726 | **RAJKOT** - 22660000090610, 22660000134309, 22660000154251, 22660000685331 | **SHEHERA** - 22660000063702, 22660000071716, 22660000075119, 22660000079232, 22660000084132, 22660000087646, 22660000093124, 22660000095941, 22660000097767, 22660000107581, 22660000133951, 22660000138052, 22660000146126, 22660000146346 | **SURAT - ADAJAN** - 21660000722464, 21660000728253, 21660000730799, 22660000054489, 22660000061725, 22660000099683, 22660000111082, 22660000124228, 22660000125926, 22660000133331, 22660000145988, 22660000145998, 22660000237885, 22660000650387 | **SURAT - KATARGAM** - 22660000066926, 22660000076887, 22660000106952, 22660000145178, 22660000149481, 22660000149901, 22660000154611, 22660000456742, 22660000575638 | **TALOD** - 22660000080309, 22660000121133, 22660000154831 | **TARAPUR** - 22660000076867, 22660000092006, 22660000098745, 22660000104066, 22660000153712, 22660000475806 | **UDALPUR** - 22660000135637 | **VADODARA** - 22660000057863, 22660000111442 | **VALLABH VIDYA NAGAR SFB** - 22660000060227, 22660000145828 | **VAPI - VAPI DAMAN MAIN ROAD** - 22660000065298, 22660000097327, 22660000103738, 22660000143232, 22660000154661.

Note: The auction is subject to certain terms and conditions mentioned in the bid form, which is made available before the commencement of auction.

IN THE NEWS

Farmers paid ₹1.25 trillion as claims till Oct

FARMERS HAVE BEEN paid claims worth Rs 1,25,662 crore under the Pradhan Mantri Fasal Bima Yojana since its inception in 2016, the government said on Thursday. Crop insurance premium totalling Rs 25,186 crore have been paid by the farmers under the scheme till October 31, 2022. PTI

SJVN, Grid Corp of Odisha to form JV

STATE-RUN SJVN on Thursday said its arm SJVN Green Energy and Grid Corporation of Odisha (GRIDCO) will form a joint venture to develop a 1,000 MW hydro electric project and 2,000 MW solar project entailing an investment of ₹20,000 crore. PTI

Coal ministry to hold investors conclave

The coal ministry on Thursday said it plans to hold a series of investors' conclave at several locations across the country. An investor conclave will be held in Bengaluru on Saturday, the ministry said. PTI

CUSTOMER ACQUISITION COST GOES DOWN

Aadhaar's e-KYC for 300 more fintechs & NBFCs: UIDAI CEO

PRASANTA SAHU
New Delhi, December 1

ON-BOARDING CLIENTS

- The government would showcase Aadhaar and India Stack during the current G20 presidency, and how it could be used by other countries for their residents and their digital economy
- India Stack comprises technology products, including Aadhaar, UPI (an instant payment system), e-Sign, DigiLocker (for e-storage and authentication of documents) and UMANG (to access government services)

SAURABH GARG, CEO, UIDAI

We have more than 300 fintechs and NBFCs which have been on-boarded (for e-KYC of people for their payment services, loans, etc). Earlier, onboarding a new customer for fintech would cost anywhere between ₹500-700, now it has come down to ₹3

AFTER USING THE Aadhaar platform for the delivery of government schemes to people, the Unique Identification Authority of India (UIDAI) has extended its e-authentication platform to around 300 fintechs and NBFCs in the last six months for on-boarding of customers, which will drastically reduce their customer acquisition cost, its CEO Saurabh Garg told FE. This has brought down customer acquisition cost from ₹500-700/person to ₹3.

He said the government would showcase Aadhaar and India Stack during the current G20 presidency, and how it could be used by other countries for their residents and their digital economy. India Stack comprises technology products, including Aadhaar, UPI (an instant payment system), e-Sign, DigiLocker (for e-storage and authentication of documents) and UMANG (to access government services).

India's digital economy has come a long way since the first Aadhaar was rolled out in September 2010 with 1.35 billion people having unique biometric identities.

Transfer of assorted subsidies and sops to the beneficiaries through the Aadhaar-enabled Direct Benefit Transfer (DBT) platform has resulted in a cumulative savings of ₹2.23 trillion to the government exchequer by plugging leakages between FY15 and FY21.

With 100% coverage, Aadhaar is and will continue to be the basis of that ease of living because of which people can get included in schemes much more easily. Currently, the Aadhaar platform is used to deliver 1,100 schemes, including 315 of the central government, to transfer subsidies in cash or kind. This has led to an acceleration in service delivery and better targeting of the beneficiaries ensuring deduplication and plugging of leakage.

"So, all these objectives will be fully met if all the beneficiary-oriented schemes of the Centre and states are onboarded in the Aadhaar-DBT platform. This is one aspect that we will work on," Garg said. The second area that UIDAI is looking at was how the private sector can also leverage Aadhaar for better and faster service delivery while ensuring that the privacy and confidentiality requirements are met, he added.

"We have more than 300 fintechs and NBFCs which have been on-boarded (for e-KYC of people for their payment services, loans, etc). Earlier, onboarding a new customer for fintech would cost anywhere between ₹500-700, now it has come down to ₹3 (that UIDAI charges to cover administration cost)," Garg said. It benefits customers as onboarding cost is low while fintechs benefit from assured identity verification.

With India assuming the G20 presidency on Wednesday for a year, the country's digital growth story would be a key showpiece for the world to adopt. Many countries from Asia, Africa and Latin America have shown interest in the Aadhaar ecosystem, which uses open-source architecture and technologies. This ensures that costs are reasonable and ownership lies with the implementing countries.

"We look forward to showcasing the India Stack during the G20 Presidency...to discuss and analyse how the India Stack could be of use for countries," Garg said.

Centre cuts windfall tax on crude oil, diesel exports

SURABHI
New Delhi, December 1

GLOBAL OIL PRICES FALL

- The windfall tax on locally produced crude oil has been cut to ₹4,900 per tonne from ₹10,200 per tonne
- According to PPAC data, the Indian basket of crude oil averaged $87.55 per barrel in November

WITH GLOBAL OIL prices falling, the Centre on Thursday significantly reduced the windfall tax on locally produced crude oil and diesel exports.

In a notification, the finance ministry said the windfall tax on locally produced crude oil has been cut to ₹4,900 per tonne from ₹10,200 per tonne. Separately, it also reduced the windfall tax on high-speed diesel for exports to ₹8 per litre from ₹10.5 per litre. This includes a cess of ₹1.5 per litre.

The changes will be effective from December 2, it said. According to PPAC data, the Indian basket of crude oil averaged $87.55 per barrel in November, down from $91.7 per barrel in October.

Since July 1, the government had imposed special additional excise duties of ₹13 per litre on diesel exports, and ₹6 per litre each on petrol and aviation turbine fuel exports. It had also imposed a special additional excise duty of ₹23,250 per tonne on domestic crude oil production. No windfall tax is applicable on exports from special economic zones.

The objective was to tax the super-normal profits being made by domestic producers of crude petroleum when international prices rose.

The government had also announced a mechanism of fortnightly review and 10 such reviews have taken place. In the first review on July 20, the Centre had removed the export tax on petrol.

The previous review was done on November 16 when the windfall tax on domestically-produced crude oil was raised to ₹10,200 per tonne.

ICICI Bank raises MCLR by 10 bps

FE BUREAU
Mumbai, December 1

PRIVATE SECTOR LENDER ICICI Bank on Thursday raised the marginal cost of funds based lending rates (MCLR) by 10 basis points (bps). With this, the one-year MCLR offered by the bank stands at 8.40%, as per information on its website. The lending rates of shorter tenure are in the range of 8.15-8.35%.

The increase in the MCLR by the bank is lower compared to the 20 bps hike it effected in the previous month. So far, the bank has raised one year MCLR by 115 bps since June.

Earlier, Punjab National Bank raised its one year MCLR by 5 bps to 8.10% while Bank of India raised its MCLR by 20 bps to 8.15% in December. Banks are increasing MCLR, which is based on cost of funds, due to the monetary tightening by the Reserve Bank of India (RBI) and the increase in cost of deposits.

While the credit growth in the banking system has risen by 18% y-o-y, the deposits are growing at a slower pace, by close 10% y-o-y. The banks are looking to raise more deposits to support the credit growth. The increase in repo rates by the RBI has also transmitted to the deposits, leading to higher interest rates on deposits.

Despite the regime of higher interest rates, the growth in credit continues to remain robust, although it needs to be seen if this trend continues for the remaining part of the year, as per a Bank of Baroda report.

Brass parts from Jamnagar shine in Europe, US

NAYAN DAVE
Ahmedabad, December 1

DESPITE VOLATILITY IN international brass scrap prices and subdued domestic demand, India's largest brass parts cluster in and around coastal Jamnagar town has registered increasing exports to European and American markets.

Export-oriented brass parts units in Jamnagar are getting repeat orders from developed countries as a result of improved quality of their manufactured products, said Lakhabhai Keshwala, president of Jamnagar Factory Owners Association.

"Over the past 2-3 years, many export making brass part units have upgraded with the induction of state-of-the-art Computer Numerical Control (CNC) and Vertical Machine Centre (VMC) machines. These machines are extremely helpful in producing almost zero-defect brass parts. Now, we are able to match the international standard at far lower prices than our competitors in other countries," he added.

It may be recalled that just five years back, brass parts units had to import CNC and VMC machines from countries like Germany. These imported machines used to cost around ₹80 lakh each. Now, similar machines are being manufactured in India which are costing around ₹15-20 lakh.

"Brass parts units in Jamnagar are fast upgrading with Made-in-India CNC and VMC machines being produced in Rajkot, Bengaluru, Pune and Delhi. Due to availability of locally made machines, the upgradation process at brass parts clusters becomes extremely fast," says Keshwala.

Earlier, exports from the cluster were limited to South Asian, African and West Asian countries. However, with modernisation, the same export making units are attracting buyers from European, Australian and American markets.

There are more than 7,000 brass-parts manufacturing units, mostly MSMEs in and around Jamnagar. Following the outbreak of the Russia-Ukraine war, brass parts makers in Jamnagar witnessed difficulties in importing raw-material (brass scrap).

The cluster solely depends upon import of brass scrap and lead — the two important ingredients they require to make intricate brass parts. Nearly, 80% of these raw-materials are being sourced from the USA and around 20% are being imported from African countries.

The domestic market, however, continues to remain volatile. According to Keshwala, over the past couple of months, though sourcing of raw material has became normal but still there is high volatility in prices. In the past one month, prices of brass scrap have fallen from ₹560 per kg to ₹425 per kg. Due to volatility, domestic clients are not giving orders in anticipation of further dip in brass scrap prices.

The Jamnagar brass parts cluster consumes nearly 8,000 tonne of brass scrap monthly. The cluster is supplying intricately made brass parts to auto, electric, aerospace, stationary, hardware and other sectors within India as well as more than 40 countries across the globe. More than four lakh people have been employed with the cluster. Of the total production of brass parts, nearly 25% is being exported. Some of the leading companies, including Hero Honda, Maruti Udyog Limited (MUL), Atlas Cycles, Prestige Cooker, Bajaj Auto, Anchor Switches and others are the major buyers from the cluster.

Petrol, diesel sales see double-digit growth in Nov

PRESS TRUST OF INDIA
New Delhi, December 1

PETROL AND DIESEL sales in India saw a double-digit year-on-year growth in November as increased demand from the agriculture sector helped build on the momentum generated by the festive season, preliminary industry data showed on Thursday.

Petrol sales soared 11.7% to 2.66 million tonne in November, as compared to 2.38 million tonne of consumption in the same month last year.

Sales were 10.7% higher than in Covid-marred November 2020 and 16.2% more than in pre-pandemic November 2019.

Month-on-month, the demand was up 1.3% on the high-base festive season created in October.

Diesel, the most used fuel in the country, posted a 27.6% rise in sales in November to 7.32 million tonne, as compared to the same month last year.

Consumption was up 17.4% over November 2020 and 9.4% higher than pre-Covid 2019.

The fuel has seen a rise in sales month-on-month since September. It rose by a massive 17.1% when compared with 6.25 million tonne of sales in October 2022.

Petrol and diesel sales were highest since June.

પાર્લે પોઇન્ટ વિસ્તારમાં ભાઇ-બહેન ઘોડા પર બેસી પ્રથમ વખત મતદાન કરવા આવ્યા

સુરત, તા.૧ સુરતના પાર્લે પોઇન્ટ વિસ્તારમાં રહેતા ભાઇ-બહેન ઘોડા પર બેસીને પ્રથમ વખત મતદાન કરવા ગયા હતા. દરમિયાન બંને યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સુરતના પાર્લે પોઇન્ટ વિસ્તારમાં રહેલા ચોકસી પરિવારના પાર્થ ચોક્સી અને દેવાશી ચોક્સી ઘોડા પર બેસીને મતદાન કરવા માટે આવ્યા હતા. ઘોડેસવારી કરી નીકળેલા ભાઇ બહેને મતદાન મથક અને આસપાસમાં આકર્ષણનું કેન્દ્ર ઉભું કર્યું હતું. દેવાશી ચોક્સીએ જણાવ્યું હતું કે, મારા 18 વર્ષ પૂર્ણ થઈ ગયા હતા અને જેની હું આતુરતા પૂર્વક રાહ જોઈ રહી હતી તે અવસર મને આજે મળ્યો છે. આ પળ હું આજીવન યાદગાર બનાવી શકું તે માટે મેં મારા પિતા દિપક ચોક્સીને કહ્યું હતું કે કંઇક યુનિક રીતે મતદાન કરવા જઈએ. દર વખતે તહેવાર હોય કે અન્ય કોઈ પ્રસંગ હોય ત્યારે તેની ઉજવણી કરતા હોઈએ છીએ તો લોકશાહીના આ પર્વ માં પ્રથમ વખત જ્યારે ભાગ લેવાનો મોકો મળ્યો છે તો એની પણ યુનિક રીતે ઉજવણી કરવાની ઈચ્છા હતી જેને લઇ હું અને મારો ભાઈ ઘોડે સવારી પર મતદાન કરવા પહોંચ્યા છે.



ચોકસી પરિવારના પાર્થ ચોક્સી અને દેવાશી ચોક્સીએ ઘોડેસવારી કરી મતદાન મથકે આવતા આકર્ષણનું કેન્દ્ર બન્યા

સવારે ચાલુ મતદાને ૧૧ મિનિટ વીજળી ડુલ થતાં ઉમેદવારો, કર્મચારીઓનો જીવ તાળવે ચોંટી ગયો

સુરત, તા.૧ ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રથમ ચરણનું મતદાન ગુરુવારે સવારે આઠના ટકોરે શરૂ થઈ ગયું હતું. રાબેતા મુજબ મતદાન ચાલી રહ્યું હતું ત્યારે અચાનક ટોરેન્ટ પાવરના કામરેજ પ્લાન્ટમાં એકા એક ફોલ્ટ સર્જાતા ત્યાંથી આવતો વીજળી સપ્લાય 11 મિનિટ માટે બંધ થઈ ગયો હતો જેને લઈને ઉમેદવાર સહિત પ્રશાસનનો જીવ તાળવે ચોંટી ગયો હતો. જોકે ઈવીએમ મશીન બેટરી સંચાલિત હોઇ મતદાનને કોઇ અસર થઈ ન હતી.

ટોરેન્ટ પાવરના કામરેજ પ્લાન્ટમાં અચાનક ફોલ્ટ સર્જાયો, ઈવીએમ મશીન બેટરી સંચાલિત હોવાથી મતદાનને કોઇ અસર થઈ નહીં

સવારે આઠ વાગ્યાથી ચૂંટણી પંચની ગાઇડલાઇન મુજબ મતદાનની શરૂઆત થઇ ગઇ હતી. ત્યારે અચાનક 10:45 વાગ્યે ટોરેન્ટ પાવરના કામરેજ ખાતે આવેલા સુજેન પ્લાન્ટમાં ટેક્નિકલ ખામી સર્જાય હતી અને ત્યાંથી સપ્લાય થતા વિસ્તારોમાં પાવર કટ થયો હતો જેમાં અસંખ્ય મતદાન મથકોનો પણ સમાવેશ થાય છે. ટોરેન્ટ પાવરના પીઆરઓ તુષારે જણાવ્યું હતું કે, 11 મિનિટ માટે ટેક્નિકલ ફોલ્ટ સર્જાતા પાવર સપ્લાયને અસર થઈ હતી પરંતુ આ પાવર કટને કારણે ચૂંટણી પર કોઈ અસર પડી નથી.

દર્શના જરદોશ પરિવાર સાથે નીકળ્યા મેયર હેમાલીએ સાયકલ સવારી કરી

શહેરના મેયર હેમાલી બોઘાવાલાએ આજે સાયકલ પર નીકળીને પોતાની પશ્ચિમ વિધાનસભા બેઠક માટે મતદાન કર્યું હતું. છે આ સૌની જવાબદારી, મત આપે સૌ નર નારી, સ્લોગન લખેલું પ્લેકાર્ડ સાયકલ પર લગાવી તેઓએ મતદારોને મત આપવા પ્રોત્સાહિત કર્યા હતા. બીજી તરફ કેન્દ્રીય રેલ રાજ્ય મંત્રી દર્શના જરદોશે સુરત પૂર્વ વિધાનસભા બેઠક માટે વૈષ્ણવ સંપ્રદાયના ગુરૂમાંહત સાથે અને સમાજ સાથે નીકળી ઢોલ નગારા સાથે મતદાન કર્યું હતું. આ સાથે તેઓએ સુરત જીલ્લાની તમામ ૧૬ બેઠકો પર ભાજપની જીતના દાવા સાથે ઉમેર્યું હતું કે બહુ ગાજેલી આપ પાર્ટી મેદાન પર ક્યાય દેખાતી નથી.

પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે વહેલી સવારે ફોન કરીને લોકોને ઉત્સાહિત કર્યા

શહેર ભાજપનો ઈલેક્શન વોર રૂમ આજે આખો દિવસ ધમધમતો રહ્યો હતો. સવારે ૫ વાગ્યામાં જ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના અવાજમાં ભાજપના તમામ કાર્યકરોને સજ્જ થઇ પરિવાર સહીત મતદાન કરવા અને આસપાસના લોકો, મિત્રો, સ્નેહીજનોને મતદાન કરાવવાનો રેકોર્ડેડ મેસેજ પહોંચી ગયો હતો. આ મેસેજ આખા ગુજરાતની વિધાનસભા બેઠકોના કાર્યકરોને મોકલ્યો હતો. ત્યારબાદ સવારે ૬ કલાકે બીજો રેકોર્ડેડ કોલ પહોંચ્યો હતો. જેમાં કાર્યકરો બહાર નીકળીને પોતપોતાના વિસ્તારમાં કામે લાગી ગયા કે કેમ એ અંગેનો મેસેજ હતો. ત્યાર બાદ દર કલાકે મતદાન સંબંધી વિગતો વોર રૂમ પર અપડેટ કરતા રહેવા માટે રેકોર્ડેડ સંદેશાઓ કાર્યકરો, ઉમેદવારો, સમર્થકો સુધી આપવામાં આવતા જ રહ્યા હતા. જેને પગલે ભાજપ કાર્યાલય ઉપર પણ વિગતો એકઠી કરવાને પગલે આખો દિવસ ચહલપહલ રહી હતી.

બેગમપુરામાં મતદાન કેન્દ્રમાં વિજળી ડુલ થતાં કોંગ્રેસના કાર્યકરોનો વિરોધ-હોબાળો

સુરત, તા.૧ સુરત શહેરમાં સવારે મતદાન મથકો પર લોકોનો ધસારો જોવા મળ્યો હતો. જોકે બે કલાકના મતદાન બાદ દિવસ દરમિયાન ધીમીગતિએ મતદાન ચાલ્યું હતું. દરમિયાન ભાજપ દ્વારા જાણી જોઈને ઓછું મતદાન કરાવવામાં આવી રહ્યું હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી. બેગમપુરા વિરમગામ મહોલ્લા ખાતે આવેલા મતદાન કેન્દ્રમાં વિજળી ડુલ થઈ જતા કોંગ્રેસના કાર્યકર્તાઓએ વિરોધ નોંધાવ્યો હતો. અંદાજે 10થી ૧૫ મિનિટ સુધી વિજળી નહી આવતી કોંગ્રેસના પુર્વ કોર્પોરેટર અસદ કલ્યાણી મતદાન મથકમાં જ ધરણા પર બેસી જતા હોબાળો મચી ગયો હતો. ઈવીએમ મશીન બેટરી ઓપરેટેડ હોય વિજળી ન હોવાથી મતદાતને કોઇ અસર થશે નહી એવી સમજણ અધિકારીઓ દ્વારા કાર્યકર્તાઓને આપવામાં આવી હતી. તેમ છતાં અસદ કલ્યાણીએ વિરોધ ચાલુ રાખ્યો હતો. દરમિયાન ભાજપના દ્વારા વિજળી ડુલ કરવામાં આવી હોવાનો આક્ષેપ પણ કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યો હતો. લિંબાયત વિધાનસભા મત વિસ્તારમાં લઘુમતિ સમાજના મતદારો વધુ છે. આજે સવારે લિંબાયત વિસ્તારના મતદાન મથકો પર લઘુમતિ સમાજના મતદારોની સંખ્યા ખુબ ઓછી જોવા મળી હતી. લિંબાયત વિસ્તારના કોંગ્રેસના ઉમેદવારનો વિરોધ હોય લઘુમતિ સમાજના લોકો મતદાનથી અળગા રહ્યા હોવાનું ભાજપના સુત્રો પાસેથી જાણવા મળે છે. મતદાનના અંતે લિંબાયત વિધાનસભામાં ૫૮.૬૯ ટકા જેટલુ મતદાન થયું હતું.

કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસદ કલ્યાણી ધરણા પર બેસી ગયા

કોંગ્રેસના દિનેશ સાવલીયા, સુરેશ સુહાગીયા સાયકલ પર ગેસ સિલિન્ડર, તેલનો ડબ્બો લઈ મતદાન કરવા આવ્યા

સુરત, તા.૧ કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર દિનેશ સાવલીયા અને શિક્ષણ સમિતિના પૂર્વ સભ્ય સુરેશ સુહાગીયા સાયકલ પર ગેસ સિલિન્ડર અને તેલનો ડબ્બો મુકીને મતદાન કરવા માટે ગયા હતા. આ ઉપરાંત ફુલપાડા વિસ્તારનો એક યુવાન ગેસ સિલિન્ડર ખભે નાખી મતદાન મથકે પહોંચ્યો હતો. કોંગ્રેસે ચૂંટણી પ્રચાર દરમિયાન મોંઘવારીને મુદ્દો બનાવ્યો હોય ગુરૂવારે કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર દિનેશ સાવલીયા અને મનપાની શિક્ષણ સમિતિના પુર્વ સભ્ય સાયકલ પર ગેસ સિલિન્ડર અને તેલનો ડબ્બો મુકીને મતદાન મથક પર મતદાન કરવા માટે ગયા હતા. આ ઉપરાંત વરાછાના ફુલપાડા વિસ્તારમાં રહેતો જશ્મિન મર્ચંટ નામનો યુવાન ખભા પર ગેસ સિલિન્ડર નાખીને પગપાળા મતદાન મથકે પહોંચ્યો હતો. યુવકે અનેરી રીતે મોંઘવારીનો વિરોધ કર્યો હોય મતદાન મથક પર હાજર લોકો પણ હસી પડ્યા હતા.

ફુલપાડાનો યુવાન ગેસ સિલિન્ડર ખભા ઉપર ઉચકી મતદાન મથકે પહોંચ્યો

આપના ઉમેદવાર અલ્પેશ કથીરિયાએ ભાજપના ઉમેદવાર કુમાર કાનાણીના આશીર્વાદ લઈ મતદાન કરતા આશ્ચર્ય

સુરત, તા.૧ વરાછા વિધાનસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર અલ્પેશ કથીરિયા ભાજપના ઉમેદવાર અને પૂર્વ આરોગ્ય મંત્રી કુમાર કાનાણીના આશીર્વાદ લઈ મતદાન કરવા ગયો હતો. આજે કુમાર કાનાણીનો જન્મ દિવસ હોય તેમને શુભેચ્છા પણ પાઠવી હતી.

સુરત શહેરની ૧૨ વિધાનસભા પૈકી વરાછા વિધાનસભા બેઠક શરૂઆતથી ચર્ચાનો વિષય બની છે. વરાછા બેઠક પરથી ભાજપે સિટિંગ ધારાસભ્ય કુમાર કાનાણીને ફરી ચૂંટણી લડાવવા ટીકીટ આપી હતી. પાટીદારના મત અંકે કરવા માટે આમ આદમી પાર્ટીએ પાટીદાર અનામત આંદોલન સમિતિના અલ્પેશ કથીરિયાને મેદનામાં ઉતાર્યા હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ અને આપના ઉમેદવારોએ સામ-સામે આક્ષેપ પ્રતિ આક્ષેપો કર્યા હતા. વાત હલકા લોકો અને નાર્મદ જેવા માતાના ઘૂંટણના ઓપરેશનની, શબ્દો સુધી પહોંચી ગઈ હતી.

પરંપરાગત પોશાકોમાં જ મતદાન મથકે જઈ મતદાન કર્યું હતું. ક્યાંક લઘુમતીઓની મોટી સંખ્યા મતદાન મથકે જોઈને અન્ય ઉમેદવારોને પરસેવો વળ્યો હતો તો કેટલાક સ્થળે નવયુવાન પાટીદારોને દોડતા જોઈને ટેન્શન વધ્યું હતું. હવે ખરેખર કોણે કોને મતદાન કર્યું છે, અને ભાજપ, આપ અને કોંગ્રેસમાં કોણ જીતશે એ તો આગામી ૮ ડિસેમ્બરે જ ખબર પડશે.

'વંદે ભારત'ને ફરી

સંજાણ રેલવે સ્ટેશન પહોંચી ટ્રેનના કેટલ રન ઓવરને રીપેરીંગ કરવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારબાદ ટ્રેનને મુંબઈ તરફ રવાના કરવામાં આવી હતી .20 મિનિટ બાદ ટ્રેનને ફરી રવાના કરાઈ હતી. વંદે ભારત ટ્રેનના પાયલોટે ગૌ વંશ બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમ છતાં બળદ અડફેટે આવી ગયો હતો . અકસ્માત બાદ વંદે ભારત ટ્રેન ઉદવાડા રેલવે સ્ટેશનથી પસાર થઈ ગઈ હતી. ટ્રેનના ગાર્ડમાં નુકસાની પહોંચી હતી. ઘટના અંગે સંજાણ રેલવે સ્ટેશનના સ્ટેશન માસ્તરને જાણ કરી મેઈન્ટેન્સ સ્ટાફની મદદ માંગી હતી. સંજાણ રેલવે સ્ટેશન ખાતે તાત્કાલિક રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. 20 મિનિટ બાદ વંદે ભારત ટ્રેનને ફરી રવાના કરવામાં આવી હતી.

નગરચર્ચા...

શાસનમાં કોઈક સારી વ્યક્તિ આવે તો બીજુ નહીં તો કંઈ નહીં સારી રીતે જીવી શકાય. બાળકોને સારું અને ઉચ્ચ શિક્ષણ આપી શકાય અને સારી રોજગારી મેળવી શકાય. બસ, આનાથી વિશેષ કોઈ જ અપેક્ષા નથી. પરંતુ ભાજપની ટોચની નેતાગીરી 'સુ-શાસન' આપવામાં ચોક્કસ નિષ્ફળ નિવડી છે. સરકારો એ રીતે ચાલે છે કે, જાણે કોઈ પ્રાઈવેટ કંપની ચાલતી હોય.

ખરેખર તો આ બધી સમસ્યાનો ઉકેલ લાવવા બીજા કોઈએ નહીં ખુદ વડાપ્રધાન મોદીએ નિરાંતે મનોમંથન કરવાની જરૂર છે. કારણ કે, લોકોને ભાજપ ઉપર નહીં પરંતુ મોદી ઉપર ભરોસો છે અને એટલે જ મોદીનાં નામ ઉપર લોકો ભાજપને મત આપતા આવ્યા છે અને ભાજપને જીતાડવા માટે મોટા અમીરો નહીં પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગનાં લોકોનો ખુબ મોટો ફાળો રહ્યો છે. જો વડાપ્રધાન મોદી આ સત્યને ખરેખર સમજી શકતા હોય અને દિલ દિમાગથી વિચારી શકતા હોય તો ચોક્કસ સરકારી તંત્રમાં અસરો જોવા મળે. પરંતુ અનુભવે એવું ચોક્કસ કહી શકાય કે, લોકોનાં દર્દ, સમસ્યા અને વાસ્તવિક તકલીફ વડાપ્રધાન મોદીનાં દિલ અને દિમાગ સુધી પહોંચતી નહીં હોય.

અન્યથા વહિવટમાં સુધારો થયો હોત. રોડ, રસ્તા બન્યા, વીજળીનું વિસ્તરણ થયું, સરકારી ઓફિસો અને ખુદ ભાજપની કાર્યાલયો વૈભવી મહેલ જેવી બની. પરંતુ બીજી તરફ ગરીબોનાં માથેનું છાપરું રીપેર કરાવવાનાં પણ પૈસા નથી. ગરીબો માટે આવાસ બનાવ્યા, પરંતુ આવાસમાં પરિવાર સાથે સુખેથી જીવનનો ગુજારો કરવા માટે કમાણીનાં સાધનો નથી. કાશ, વડાપ્રધાન મોદીને આ વાત સમજાતી હોત તો ગરીબોને આવાસ આપતા પહેલાં રોજગારીનું પણ સર્જન કર્યું હોત. પરંતુ રોજગારીની દિશામાં કોઈ જ અસરકારક પગલાં ભરાયા નથી. બલ્કે લોકોને રોજગારી આપતા મધ્યમ અને લઘુકક્ષાનાં સેંકડો રોજગાર બંધ થઈ ગયા! વેપાર, ઉદ્યોગનાં લોકો પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. સરકારે એટલી હદે 'નાકાબંધી' કરી છે કે, વેપાર, ધંધા કરનારાઓની હાલત ગુનેગાર જેવી છે. વેપારીઓ, ઉદ્યોગકારો પોતે ગુનેગાર હોય એવા ભાવથી પીડાઈ રહ્યાં છે. બીજી તરફ કાયદાની ઐસી કી તૈસી કરીને બેધડક ટેક્સ ચોરી કરીને રાતોરાત દુકાનનાં પાટીયા બદલી નાંખનારાઓનો વાળ પણ વાંકો થતો નથી. આ નરી વાસ્તવિકતા છે.

ખેર, આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતમાં આમ આદમી પાર્ટીનાં ઉદયની સાથે લોકોને થોડા ઘણાં લડવૈયા મળવાની આશા બંધાઈ હતી, પરંતુ પાટીદાર સમાજને 'અનામત' અપાવનાર અને બદલાયેલા રૂપમાં આમ આદમી પાર્ટીમાં જોડાયેલા ખાસ કરીને પાટીદાર સમાજનાં યુવાનો

દેશમાં રોડ-રસ્તા બન્યા, સરકારી અને ભાજપની ઈમારતો બની પરંતુ સામાન્ય જીવનમાં આર્થિકક્ષેત્રે કેટલો બદલાવ આવ્યો એ મહત્ત્વનું છે, આવાસ બાંધી આપવાથી ગરીબી દૂર થઈ જતી નથી પરંતુ આવાસમાં રહીને પરિવારનું ભરણપોષણ માટે રોજગાર પણ જરૂરી છે

મતદાન ટાણે ગાજ્યા એટલા વરસ્યા નહોતા અને લોકોને અસરકારક મતદાન કરાવવામાં નિષ્ફળ ગયા હતા. બલ્કે વિતેલા દિવસો દરમિયાન માથું ફાડી નાંખે એવો પ્રચાર અને જાત જાતનાં વાયદા અને વચનોને કારણે વિમાસણમાં મુકાઈ ગયેલા મતદારોને મતપેટી નજીક પહોંચ્યા પછી નરેન્દ્ર મોદી નામનો કોઈ વિકલ્પ જ દેખાયો નહોતો એવું કહી શકાય. ઘણી જગ્યાએ પરિવર્તન... પરિવર્તનની બુમરાણ સાંભળવા મળી હતી. પરંતુ મતદાન સમયે જાણે પરિવર્તન નામની હવા ગાયબ થઈ ગઈ હતી.

બીજી તરફ રાજકીય અપપ્રચારને કારણે પણ જાતિવાદ, કોમવાદનાં વાડામાં વહેંચાયેલા લોકોએ પણ મતદાન કરવાનું ટાળ્યું હતું. ગત ચૂંટણીમાં સુરત શહેર-જિલ્લામાં સરેરાશ ૬૬.૭૯ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે આ વખતે આક્રમક પ્રચાર છતાં મતદાનની ટકાવારીમાં સીધો પાંચ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ વખતે શહેર-જિલ્લામાં સરેરાશ ૬૧.૭૧ ટકા મતદાન નોંધાયું હતું. આ બતાવે છે કે, લોકો હવે ત્રાસી ગયા છે અને કોઈનામાં પણ 'ભરોસો' નથી અને સાથે નવો વિકલ્પ પણ નથી.

'આપ'ના અરવિંદ કજેરીવાલનું દિલ્હી મોડેલ ગુજરાતનાં લોકોનાં મનમાં 'ભરોસો' પેદા કરી શકશે કે કેમ તેની સામે હવે ચોક્કસ પ્રશ્નાર્થ કરી શકાય. કારણ કે, આમ આદમી પાર્ટી એટલે 'આપ' માટે સુરત મુખ્ય કેન્દ્ર રહ્યું છે અને સુરતમાં જ જો 'આપ'ને આવકાર મળવાનો ન હોય તો રાજ્યનાં અન્ય પ્રદેશોમાં 'આપ'ને વિશેષ આવકાર મળવાની શક્યતા દેખાતી નથી. મતલબ કે અમિત શાહનાં શબ્દો ખરેખર સાચા બનીને રહી જશે.

અમિત શાહનાં અત્યાર સુધીનાં ચૂંટણી પ્રચારમાં તેઓ કહેતા આવ્યા છે કે, ગુજરાતની ચૂંટણીમાં 'આપ'નું કોઈ જ અસ્તિત્વ નથી.

અને અંતમાં એવી વાત ચાલી રહી છે કે, ઓલપાડ બેઠક ઉપરથી ઉમેદવારી નોંધાવનાર ધાર્મિક માલવિયા પાછલાં કેટલાંક દિવસોથી સક્રિય નહોતો. તેમની નિષ્ક્રિયતા માટે પણ અનેક સવાલ પુછાઈ રહ્યાં છે. પરંતુ કારણો સહિતનાં જવાબ મળવાનું મુશ્કેલ જણાય છે. કદાચ ઓલપાડ બેઠકનાં પરિણામનાં પોસ્ટમોર્ટમ વખતે ધાર્મિકની નિષ્ક્રિયતા માટેનાં સંભવત કારણો બહાર આવી શકે.

છેલ્લા પાનાનું શેષ

સુરત શહેર-જિલ્લામાં

વિસ્તારમાં મતદાનનો માહોલ શુષ્ક રહ્યો હતો. સુરત શહેર-જિલ્લાની 16 બેઠકોમાં બપોરે ત્રણ વાગ્યા સુધીનાં આંકડામાં માંડ 47 ટકા મતદાન નોંધાયુ હતુ, અને સાંજે 5 વાગ્યે ચૂંટણી પૂર્ણ થતા કંગાળ કહી શકાય એવું 61.71 ટકા મતદાન નોંધાયુ હતુ. સુરત શહેર અને જિલ્લામાં નોંધાયેલા કુલ 47 લાખ 45 હજાર 980 જેટલા સ્ત્રી-પુરુષ સહિતનાં મતદારો પૈકી 29 લાખ 28 હજાર 774 મતદારોએ મતદાન કર્યું હતુ. જેમાં સુરત શહેર જિલ્લામાં સૌથી વધુ મતદાન માંડવી (એસ.ટી.) વિધાનસભા બેઠક પર 75.24 ટકા જ્યારે સૌથી ઓછું મતદાન કરંજ વિધાનસભા બેઠક પર 50.45 ટકા જેટલું નોંધાયું છે. જ્યારે સૌથી વધુ વિવાદસ્પદ રહેલી વરાછારોડ વિધાનસભામાં 56.38, કામરેજમાં 60.12 ટકા અને ચોર્યાસીની બેઠક ઉપર કોળી પટેલ સમાજનાં મૌન વિરોધને પગલે માંડ 56.18 ટકા જેટલુ જ મતદાન થયુ હતુ મતદાન થયુ હતુ.

મતદાનની સ્થિતિ જોવા જઈએ તો સવારે 8 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધીમાં 16 વિધાનસભાની બેઠક ઉપર ઉભા કરાયેલા 4637 મતદાન મથકો ઉપર કોઈપણ પ્રકારની મોટી ફરિયાદ કે ગંભીર ઘટના બની ન હોવાથી તંત્રએ રાહત અનુભવી હતી. માત્ર ઈવીએમ ખોટકાય જવાની, ઈલેક્ટ્રીસિટી સપ્લાય ખોરવાય જવાની ફરીયાદો તેમજ મતદાન મથકમાં મોબાઈલથી ફોટા પાડવા બાબતે પોલીસ તથા સિક્યુરીટી સ્ટાફ સાથે ઘર્ષણની અનેક ફરીયાદો જિલ્લા તંત્રને મળી હતી. જેથી એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી, હવે 8 ડિસેમ્બરનાં રોજ મતગણતરી હાથ ધરાશે.

સવારે 8 થી સાંજે ૫ વાગ્યા સુધીમાં કેટલું મતદાન થયુ

સમય	મતદાનની ટકાવારી
સવારે 8 થી 9	4.82 ટકા
9 થી 11	18.16 ટકા
11 થી 1	33.31 ટકા
1 થી 3	47.15 ટકા
3 થી 5	61.71 ટકા

સુરત વરાછાની બેઠક

અહિંયા કોંગ્રેસના પપન તોગડિયા પૂર્વ કોર્પોરેટર ચૂંટણી મેદાનમાં હતા. પરંતુ બદલાયેલા સંજોગોમાં વરાછા વિસ્તારમાં કોંગ્રેસનું ક્રમશઃ ધોવાણ થઈ રહ્યું હોવાથી કોંગ્રેસ માટે ચમત્કાર સિવાય કોઈ જ આશા રાખી શકાય નહીં, જ્યારે સુરતમાં ખાતુ ખોલાવવાની મથામણ કરી રહેલા 'આપ'નો કદાચ ઉદય થઈ શકે.

સુરત પૂર્વ બેઠકમાં

સાયકલવાળા સફળ રહ્યાં હતા. તેમ છતાં કેટલાંક અપક્ષો મુસ્લિમ મતોનું વિભાજન કરવામાં નિર્ણાયક પુરવાર થશે. આ બધાની વચ્ચે અસલમ સાયકલવાળા એકમાત્ર મુસ્લિમ ઉમેદવાર હોવાથી મુસ્લિમ સમાજની સહાનુભૂતિ તેમની સાથે હોવાથી તેઓ અસરકારક મતદાન કરાવી શક્યા હતા. પરંતુ હવે ૮મી ડિસેમ્બરે જ કોંગ્રેસનાં અસલમ સાયકલવાળાની મહેનત અને ભાજપનાં અરવિંદ રાણા સામેની નારાજગી પરિણામમાં બહાર આવશે.

મતદારોનો સવારનો ઉત્સાહ

કામરેજ વિધાનસભામાં સરથાણા વિસ્તારમાં મહર્ષિ સ્કુલ નજીક લાઈનમાં ઉભેલા મતદારોને હાથ જોડી જય શ્રી રામ, જય શ્રી કૃષ્ણ કહી રહેલા પ્રફુલ પાનસેરિયાનો પણ આપ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રફુલ પાનસેરિયાએ કહ્યું હતું કે ભગવાનનું નામ લેવામાં શું વાંધો, એ તો હું લઈશ, તમે પણ તમારા ભગવાનનું નામ લો. આ રકઝક થતા છેવટે પોલીસે આવીને મામલો થાળે પાડ્યો હતો. આજે સમગ્રતયા સુરત શહેરમાં બપોર સુધી મતદારો મોટી સંખ્યામાં મતદાન મથકો પર જતા જોવા મળ્યા હતા. ઉમેદવારો સહીત તેઓના સમર્થકોએ પણ મતદારો વધુને વધુ મતદાન માટે નીકળે એ માટે સખત કસરત કરીને દોડાદોડ કરી મૂકી હતી. મોટી ઉંમરના વડીલોથી લઈને માત્ર એક મહિનાના શિશુને લઈને પણ લોકો મતદાન માટે પહોંચ્યા હતા. પહેલી જ વાર મતદાન કરનારા ૧૮ વર્ષના નવયુવાનોમાં પણ મતદાન માટે ઉત્સાહ જોવા મળ્યો હતો. એક ભાઈ બહેન ઘોડા ઉપર મતદાન માટે જતા દેખાયા હતા. ઉમેદવારોએ આજે વહેલી સવારે જ મતદાન કરી દીધું હતું. મતદાન માટે ઉત્સાહી લોકોમાં કેટલાકે પોતાના જન્મદિને પ્રથમ વોટીંગ કર્યા બાદ મતદાન મથકની બહાર કેક કાપી હતી. કેટલાક લોકો ઢોલ નગારા સાથે મતદાન માટે આવ્યા હતા તો ક્યાં આખીને આખી સોસાયટીઓ એકસરખા ટીશર્ટ, કુર્તા પાયજામાં સાથે વોટીંગ માટે નીકળી હતી. સ્વામીનારાયણ વેદ ગુરુકુળના સંતો અને સાંકરી બીએપીએસ સંસ્થાના સંતો પણ સમૂહમાં મતદાન અર્થે નીકળ્યા હતા. તદઉપરાંત જૈન સમાજના લોકોએ સવારે દેરાસર જતી વખતે પોતાના

૧૯ બેલેટ યુનિટ, ૧૫ કંટ્રોલ યુનિટ અને ૩૩ વીવીપેટ યુનિટ બદલવા પડ્યા

વિધાનસભાની ચૂંટણીને પગલે જીલ્લા કલેક્ટરે તમામ સેક્ટરમાં કર્મચારીઓને સવેતન રજા આપવાનું ફરમાન કરાયુ હોવા છતા તંત્રને અનેક કર્મચારીઓએ રજા મળી ન હોવાની ફરિયાદો કરી હતી. આ ઉપરાંત અન્ય આચારસંહિતાનાં ભંગ તેમજ મતદાન કરવામાં પડતી મુસિબત સહિતની કુલ 121 જેટલી ફરિયાદો તંત્રને મળી હતી. આ અંગેની પ્રાપ્ત માહિતી મુજબ વિધાનસભાની ચૂંટણીને પગલે તમામ વિભાગોમાં કર્મચારીઓને મતદાન કરવા માટે સવેતન રજા જાહેર કરવામાં આવી હોવા છતા મોટાભાગનાં ખાનગી ઉદ્યોગો ચાલુ રહ્યા હતા. જેને પગલે કર્મચારીઓએ જિલ્લા કલેક્ટર કચેરીમાં ફરિયાદ કરી હતી. આ ઉપરાંત આચારસંહિતા હોવા છતા રાજકીય પક્ષનાં કાર્યકરો મતદારોને રિઝવવાનો પ્રયાસ કરતા હોવા સહિતની કુલ 121 જેટલી ફરિયાદો તંત્રને મળી હતી. જેમાં સૌથી વધુ ફરિયાદ વરાછામાં 26, કતારગામમાં 27 તેમજ ચોર્યાસીમાં 13 અને કામરેજમાં 14 ફરિયાદ વિભાગને મળી હતી. જ્યારે કરંજ, લિંબાયત, મહુવા તેમજ માંગરોળમાં અને પશ્ચિમ વિધાનસભામાં પણ એકપણ ફરિયાદ નોંધાઇ ન હતી.

શિક્ષણ સમિતિનાં પૂર્વ ચેરમેનએ મતદાનની પ્રક્રિયાનું ફેસબુક લાઇવ કરતા વિવાદ

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના માજી અધ્યક્ષ હસમુખ પટેલએ આજે સવારનાં સમયે મતદાન મથકમાં ફેસબુક લાઇવ કરી કોને મત આપ્યો તે દર્શાવતા વિવાદ થયો છે. જેમાં ખાસ કરીને જિલ્લા ચૂંટણી અધિકારીએ હસમુખ પટેલ સામે મતદાનની ગુપ્તતા જાળવણીનો ભંગ કરવા બદલ તેમજ સાઇબર ક્રાઇમ સંદર્ભે પણ હસમુખ પટેલ સામે પગલાં ભરવા માટે રિટર્નિંગ ઓફિસર તેમજ પોલીસ તંત્રને આદેશ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે હસમુખ પટેલ પણ ભાજપ તરફથી ઉધના વિધાનસભાનાં દાવેદાર હતા, પણ તેમને ટીકીટ નહીં મળતા તેમણે સોશ્યિલ મિડીયામાં અણગમો પણ વ્યકત કર્યો હતો. જો કે આજે તેમણે ભાજપને જ મત આપ્યા હોવાનું સોશ્યિલ મિડીયા થકી જણાવીને ભાજપનાં પ્રખર સમર્થક હોવાનો પુરાવો આપ્યો હતો.

અસંતોષનાં માહોલ વચ્ચે મતદારો મતદાનથી જ અળગા રહ્યા!

સુરત શહેર અને જિલ્લાની 16 બેઠકો પૈકી શહેરી વિસ્તારની બેઠકો ઉપર વર્ષ 2017ની સરખામણીમાં સતત મતદાનની ટકાવારી ઘટતી જોવા મળી છે. ખાસ કરીને ચોર્યાસી મતવિસ્તારમાં કોળી પટેલ ઉમેદવાર ઉભા નહીં રાખવામાં આવતા મતદારોએ છુપો રોષ દર્શાવ્યો હોય તેમ ગત વર્ષની 61.32ની ટકાવારી સામે માત્ર 56.18 ટકા મતદાન થયુ હતુ. એટલે કે 5 ટકા મતદારો મતદાનથી જ અળગા રહ્યા હતા. એજ રીતે અન્ય વિધાનસભામાં કામરેજમાં 60.12 ટકા, વરાછા રોડ બેઠક ઉપર 56.38 ટકા, અને કરંજ વિધાનસભામાં 50.45 ટકા જ્યારે કતારગામમાં 64.07 ટકા જેટલુ કંગાળ મતદાન થયુ હતુ. એટલે કે સૌરાષ્ટ્રવાસીઓથી પ્રભાવીત આ વિસ્તારોમાં આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો હોવા છતા મતદાનની ટકાવારી વધી શકી ન હતી. પરંતુ ટકાવારી ઘટી હોવાથી મતદારોએ નારાજગી મતદાન નહીં કરીને વ્યકત કરી હતી.